NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2008

# GUJARATI HOME LANGUAGE: PAPER I

Time: 2 hours | 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This paper consists of 6 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

પ્રશ્ન-૧ નીચેનો ગદ્ય વાંચીને આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો. [20]

જગદીશચંદ્ર બોઝનો જન્મ ઈ.સ. ૧૮૫૮ ની સાલમાં ઢાકા પાસે એક નાનકડા ગામમાં થયો હતો. તેમના પિતાને શિક્ષણ પર ખૂબ પ્રેમ હતો. આથી તેઓ પુત્રની કેળવણીમા પહેલેથી જ રસ લેતા હતા. જગદીશચંદ્રનો સ્વભાવ પણ જિજ્ઞાસુ હતો.

જગદીશચંદ્રનું શિક્ષણ એક ગામઠી નિશાળમાં શરૂ થયું. ત્યાં તેમની સાથે ખેડૂતો અને માછીમારના છોકરાઓ હતા. ખેડૂતના છોકરાઓના મોંએથી તેમને ઝાડપાન વિશે સાંભળવાનું બહુ ગમતું. માછીમારના છોકરાઓ તેમને જાતજાતની માછલીઓ વિશે વાતો કરતા. આ સાંભળીને જગદીશચંદ્રને એ બધું જોવાનું મન થતું. તેઓ પિતાને આ વિશે જાતજાતના પ્રશ્નો પૂછતા. તેમના પિતા પણ તેમની જિજ્ઞાસા પૂરી કરવાનો હંમેશાં પ્રયત્ન કરતા.

જગદીશચંદ્રને નાનપણથી જ બાગમાં એકલા એકલા રમવાનો શોખ લાગ્યો હતો. તેઓ બાગમાં આવતાં પશુઓ અને પંખીઓ જોતાં અને તેમની સાથે રમતા. બાગમાં નાના વૃક્ષોને તેઓ ઓળખતા. આમ પ્રાણી અને વનસ્પતિનું જીવન જાણવાનો તેમનો રસ વધતો ગયો.

તેઓ નવ વરસના થયા, ત્યારે તેમના પિતાની બદલી થઈ. હવે તેમના પિતાએ તેમને અંગ્રેજી શાળામાં મૂક્યા. શિક્ષકો આ હોશિયાર વિદ્યાર્થીને જોઈને કહેતા, "આ છોકરો નામ કાઢે એવો છે."

અંગ્રેજી શાળામાંથી તેમણે કોલેજની પ્રાવેશિક પરીક્ષા પસાર કરી. પછી તેમના પિતાએ તેમને કોલેજમાં મૂક્યા. ત્યાં તેમણે ચાર વર્ષ અભ્યાસ કરી વિજ્ઞાનના વિષય સાથે સ્નાતકની પરીક્ષા પાસ કરી.

હવે જગદીશચંદ્રના મનમાં ઈંગ્લેંડ જઈ આગળ ભણવાના વિચાર આવવા માંડયા. પણ પૈસાનું શું? તેમના પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી. જગદીશચંદ્ર અવારનવાર ઈંગ્લેંડ જવાનો વિચાર કરતા, પણ પૈસાનો પ્રશ્ન મૂંઝવતો હતો. તેમની માને દીકરાની મૂંઝવણ સમજાતી અને તે મનમાં ને મનમાં દુ:ખી થતી. પણ થોડા સમય પછી જગદીશચંદ્રના પિતાની આર્થિક સ્થિતિ સુધરવા લાગી. આથી તેમના પિતાએ તેમને કહ્યું, "જગદીશ લંડન જવાની તૈયારી કરવા માંડ." જગદીશચંદ્રના આનંદનો પાર રહ્યો નહિ.

૧.૧ જગદીશચંદ્રનો જન્મ કયાં અને કયારે થયો હતો ? [2]

૧.૨ જગદીશચંદ્રને નિશાળના છોકરાંઓ પાસેથી શું શું જાણવાનું મળ્યુ? [2]

૧.૩ જગદીશચંદ્રને નાનપણથી શું શોખ લાગ્યો હતો ? [1]

૧.૪ બાગમાં જગદીશચંદ્ર શું જોતા અને શું ઓળખતા ? [2]

૧.૫ શિક્ષકો આ હોંશિયાર વિદ્યાર્થી જોઈને શું કહેતા ? [2]

પ્રશ્ન ૧.૬/Q. 1.6

૧.૬ તેમણે શેના વિષય સાથે સ્નાતકની પરીક્ષા પાસ કરી ? [1]

૧.૭ જગદીશચંદ્રને ઈંગ્લેંડ જવા માટે શેનો પ્રશ્ન મુંઝવતો હતો ? [1]

૧.૮ નીચેનું વાક્ય કોણ બોલે છે, કોને કહે છે તે લખો.
‘આ છોકરો નામ કાઢે એવો છે’ [2]

૧.૯ તમારા શબ્દોમાં જગદીશચંદ્રબોઝ વિશે ચારથી પાંચ વાક્યો લખો. [3]

૧.૧૦નીચે આપેલા શબ્દો માટે સમાનાર્થી શબ્દો લખો. [3]
૧.૧૦.૧ આનંદ ૧.૧૦.૨ ઝાડ ૧.૧૦.૩ વિશ્વ

૧.૧૧નીચે આપેલા શબ્દોની લીંગ બદલો. [2]
૧.૧૧.૧ શિક્ષક ૧.૧૧.૨ છોકરાંઓ

પ્રશ્ન-૨ નીચે અપેલા ચિત્ર પરથી ૮ થી ૧૦ લીટીમાં તમારા શબ્દોમાં લખો. [10]



પ્રશ્ન-૩ નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ / Precise તમારા શબ્દોમાં લખો. (સાતથી આંઠ લીટીં) [10]

આમતો મને ક્રિકેટનો બહુ શોખ. હાથમાં બેટ ઘુમાવીને ચોગ્ગા-છક્કા મારવાની અનોખી મઝા છે. એવું બોલિંગનુંય છે. હાથમાં બોલ રમાડતાં રમાડતાં કોઈ અજબ અદાથી ચાલવું, પછી દોડીને સામે રમતા ખેલાડી તરફ સમસમાવીને બોલિંગ કરવી અને પછી જાણે કંઈ કર્યું જ નથી એમ નિરપેક્ષ ભાવે જોઈ રહેવું એ બધાની વાત જ જુદી છે, પણ ક્રિકેટની ખરી મજા તો ફિલ્ડિંગ કરવામા છે.

પ્રશ્ન ૩/Q. 3

ક્રિકેટમાં મને ગમતી વસ્તુ માત્ર ફિલ્ડિંગ જ છે. ક્રિકેટમાં અને જીવનમાં–ખેલાડીઓના બે મુખ્ય બે વર્ગ જ હોય છે. એક વર્ગના ખેલાડીઓની નજર સદા બેટ ઉપર જ હોય છે, ચોગ્ગા અને છક્કાનાં જ એ સ્વપ્ના જોતા હોય છે. જયારે જયારે કોઈક આઉટ થાય છે ત્યારે પોતાનો વારો આવવાની આશાએ એમનું હૈયું નાચી ઊઠે છે; પણ કેપ્ટન કોઈ ત્રીજાને બેટ પકડાવે છે એટલે એ પાછી દુ:ખના દરિયામાં ડુબી જાય છે. ફિલ્ડિંગ એ એમને મન સજા છે. બેટીંગ જ એમના મન ખરો લહાવો છે. અને એ લહાવાની રાહ જોવામાં તથા એ મળ્યા પછી એમાંથી ધારી મોજ ન મેળવી શકવાના શોકમાં જ એમનું બાકીનું જીવન પસાર થાય છે.

જયારે બીજો લઘુમતીનો વર્ગ છે–ફિલ્ડિંગ પ્રેમીઓનો હું એ વર્ગમાં છું. મને ખુશ કરવાની દાનતથી એક જણે કહેલું કે ફિલસૂફને હંમેશા ફિલ્ડિંગ જ ગમે છે. બેટિંગ કે બોલિંગ નહિં. કદાચ એની વાત ખરી પણ હોય! કારણ કે આ માયાવી સંસાર અને એમાં રમાતી આં માયાવી ક્રિકેટની રમત વિશે ચિંતન જેવી તક ફિલ્ડરને હોય છે એવી કોઈનેય નથી હોતી.

પ્રશ્ન–૪ નીચેનો ગદ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નનોના યોગ્ય ઉત્તર આપો. [10]

પ્રાધ્યાપક રવિશંકર જોષી વિશે બે જ શબ્દોમાં કહેવું હોય તો 'ગુરુઓના ગુરુ' અથવા 'પ્રાધ્યાપકોના પ્રાધ્યાપક' એ બે શબ્દો જ બસ. ગુજરાતી ભાષાસાહિત્યના જેટલા પ્રધ્યાપકો છે તેમાંના ઘણાખરા એમના શિષ્યો છે અથવા એમના શિષ્યોના શિષ્યો છે અથવા એમના શિષ્યોના પ્રશિષ્યો છે. એમણે આપેલા વ્યાખ્યાનોનો પ્રભાવ કોલેજ બહાર સર્વ પ્રકારના શ્રોતાઓને મંત્રમુગ્ધ કરનારો રહ્યો હતો. શામળાદાસ કોલેજના ગુજરાતી વર્ગોના વ્યખ્યાયાન ખંડોમાં ગુજરાતી સાહિત્યની જે વિચારણા એમના વડે થઈ હશે તેટલી ભાગ્યે જ બીજે થઈ હશે. વર્ષો સુધી ભાવનગરની થિયોસોફિકલ લોજમાં સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, યોગ, સંસ્કૃતિ આદિ વિષયો પરનાં એમનાં વ્યાખ્યાનો દ્વારા ભાવનગરના લોકજીવન પર એક સાંસ્કૃતિક પ્રભાવ વિસ્તર્યો હતો. તેઓ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં પ્રિન્સિપાલ તરિકે એકાદ વર્ષ માટે આવ્યા હતા ત્યારે નજીકનાં જાગનાથ વિસ્તારના જ્ઞાનની ઈચ્છા રાખવાવાળા લોકો એમનાં વર્ગવ્યાખ્યાનોમાં અવારનવાર આવવાની તક મેળવી લેતાં.

પ્રશ્ન ૪.૧/Q. 4.1

૪.૧ પ્રાધ્યાપક રવિશંકર વિશે બે શબ્દોમાં શું કહેવાય છે ? [2]

૪.૨ ગુજરાતી ભાષા સાહિત્યના જેટલાં પ્રાધ્યાપકો છે એ એમનાં કોણ છે ? [2]

૪.૩ એમણે અપેલા વ્યાખ્યાનોનો પ્રભાવ કેવો રહ્યો હતો ? [2]

૪.૪ ભાવનગરની થિયોસોફિકલ લોજમા કયાં વિષયો પર એમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં ? [2]

૪.૫ તેઓ પ્રિન્સિપાલ તરિકે એકાદ વર્ષ માટે કયાં આવ્યા હતાં ? અને ત્યાં કયાં લોકો અવારનવાર આવવાની તક મેળવી લેતા ? [2]

પ્રશ્ન–૫ નીચે આપેલા જાહેરખબર / advertisement વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો. [10]




૫.૧ આ શાની જાહેરખબર છે ? [2]

૫.૨ આ જાહેરખબર કઈ કંપનીની છે ? [2]

૫.૩ આપેલ વસ્તુનો ભાવ શું છે ? [2]

૫.૪ આ વસ્તુ શા કામમાં આવે છે ? [2]

૫.૫ આ વસ્તુનું મોડેલ કયું છે ? [2]

પ્રશ્ન ૬/Q. 6

પ્રશ્ન–૬ નીચે આપેલા ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ આપો. [10]



૬.૧ આ ચિત્ર શેનું છે ? [1]

૬.૨ તે શા કામમાં આવે છે ? [2]

૬.૩ તે ક્યાં ચલાવી શકાય છે ? [2]

૬.૪ આ ચિત્ર વિષે ત્રણ વાક્યો તમારા શબ્દોમાં લખો. [3]

૬.૫ પાણીમાં ચાલતા બીજા વાહનોના નામ લખો. [2]

પ્રશ્ન–૭ નીચે આપેલા કાર્ટુન /રમૂજીચિત્ર જોઈ તેના વિષે પાંચ વાક્યો તમારા શબ્દોમાં લખો. [10]




IEB Copyright © 2008